**-:: ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪,ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ હેઠળનું જાહેરનામું ::-**

ક્રમાંક : ડીસી/એમએજી/કોરોના/જા.નામું/એસ.આર.૫૬/૨૦૨૦

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી
સુભાષબ્રીજ પાસે, આશ્રમ રોડ
અમદાવાદ
તા. ૧૮/૦૫/૨૦૨૦

**વંચાણમાં લીધુ**

(૧) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૧૭/૦૫/૨૦૨૦ ના હુકમ : 40-3/2020-DM-1(A)

(૨) અત્રેની કચેરીના તા. ૧૯/૦૫/૨૦૨૦ ના હુ.ક્રમાંક ડીસી/એમએજી/COVID-19/CONTAINMENT AREA/SR-02/2020

(૩) અત્રેની કચેરીના તા. ૦૩/૦૫/૨૦૨૦ જા.નામા ક્ર. ડીસી/એમેજી/ કોરોના/જા.નામુ/ એસ.આર. ૫૫/૨૦૨૦

(૪) રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગના તા ૧૮/૦૫/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક : જીજી/ ૨૪/ ૨૦૨૦/ વિ.૧/ કઅવ/૧૦૨૦૨૦/૪૮૨

(૫) રાજ્ય સરકારના આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ ના તા. ૧૯/૦૫/૨૦૨૦ ના પરિપત્ર ક્ર. એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ. ૮-ગ

**જાહેરનામું ::-**

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ **COVID-19** ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ **COVID-19** ના વધારે કેસો નોંધાયેલ છે. સમગ્ર દેશમાં COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, The Disaster Management Act, 2005થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૪.૦૩.૨૦૨૦ના હુકમ ક્ર. 40-3/2020-DM-I(A)થી સમગ્ર દેશમાં તા.૨૫.૦૩.૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ. ત્યાર બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૨૦ના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A)થી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૧૫.૦૪.૨૦૨૦ થી તા.૦૩.૦૫.૨૦૨૦ સુધી મોકુફ રાખવા નિર્ણય લેવામાં આવેલ. ત્યાર બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા તા.૦૧.૦૫.૨૦૨૦ના હુકમ ક્રમાંક ક્ર.40-3/2020-DM-I(A) થી સમગ્ર દેશમાં તા.૦૪.૦૫.૨૦૨૦ થી વધુ બે સપ્તાહ માટે એટલે કે તા.૧૭.૦૫.૨૦૨૦ સુધી lock downની અવધિ લંબાવવામાં આવેલ.જે અન્વયે કેન્દ્ર સરકારશ્રી ધ્વારા વિવિધ હુકમો દ્વારા સમગ્ર ભારતમાં તા.૧૭/૦૫/૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરેલ હતુ.

જે અનુસંધાને કોરોના વાયરસ **COVID-19** ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ આમુખ-૩ ની વિગતે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. આમુખ-૧ ના હુકમથી થી કેન્દ્ર સરકારશ્રી ધ્વારા લોકડાઉન સમય તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે.



Scanned by CamScanner

આથી હું હર્ષદ વોરા , અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ , અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩ તથા ૩૭ અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ ૩૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ અમદાવાદ જિલ્લામાં કન્ટેનમેન્ટ ઝોન, મહાનગરપાલિકા તથા નગરપાલિકાઓ સિવાયના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર ના હુકમ અન્વયે નીચે મુજબ ફરમાવું છુ.

<u>નીચેની પ્રવૃત્તિઓ આગામી બે અઠવાડીયા સુધી (તા. ૧૯/૦૫/૨૦૨૦ થી લઈને તા. ૩૧/૦૫/૨૦૨૦) જિલ્લામાં નિયંત્રિત રહેશે.</u>

| અ.નુ. | પ્રવૃત્તિ | કાર્યરત રહેશે? | અપવાદ |
|---|---|---|---|
| ૧ | મુસાફરો માટેની તમામ પ્રાદેશિક તથા આંતરરાષ્ટ્રીય હવાઈ યાત્રા | ના | તબીબી સેવાઓ, હવાઈ એમ્બ્યુલન્સ, તથા સુરક્ષાના કારણોસર MHA દ્વારા મંજૂરી મેળવેલ હોય |
| ૨ | મેટ્રોરેલ સેવાઓ | ના | |
| ૩ | તમામ શાળાઓ, કોલેજો, શૈક્ષણિક / તાલીમ / અનુશિક્ષણ સંસ્થાઓ | ના | ઓનલાઈન તેમજ ડિસ્ટન્સ લર્નીંગ, વહીવટી કચેરી ચાલુ રાખી શકાશે. |
| ૪ | હોટલ, રેસ્ટોરન્ટ અને અન્ય આતિથ્ય (Hospitality) સેવાઓ | ના | • આરોગ્ય / પોલીસ / સરકારી અધિકારી / હેલ્થકેર વર્કર, ફસાયેલા વ્યક્તિઓની આવાસીય સુવિધાઓ<br>• પ્રવાસીઓ તથા ક્વોરન્ટાઈન કરવા માટે ઉપયોગ માં લેવાતી સેવાઓ<br>• બસ ડેપો, રેલવે સ્ટેશન અને એરપોર્ટ પરની કેન્ટીનો<br>• રેસ્ટોરન્ટ ફક્ત ભોજનની હોમ ડિલિવરી કરવા માટે ચાલુ રાખી શકાશે |
| ૫ | તમામ સિનેમા હોલ, શોપીંગ મોલ, જિમ્નેશીયમ, સ્નાનાગરો (swimming pools), મનોરંજન સ્થળો, થીયેટર, બાર તથા નાટ્યગૃહો,સભાખંડો, જાહેર બગીચા, પ્રાણીસંગ્રહાલય, પુરાતત્વ સ્થળો તેમજ તે પ્રકારના જાહેર જનતા એકત્રિત થતી હોય તેવા તમામ સ્થળો | ના | સ્પોર્ટ કોમ્પ્લેક્ષ તથા સ્ટેડિયમ ચાલુ રહી શકશે. પરંતુ દર્શકો માટે પ્રતિબંધ રહેશે. |
| ૬ | તમામ સામાજિક, રાજકીય, રમત – ગમત, મનોરંજન, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો તેમજ તેવા પ્રકારના અન્ય મેળાવડા. | ના | |
| ૭ | તમામ ધાર્મિક સ્થળો / પૂજા/બંદગીના સ્થળો જાહેર જનતા માટે બંધ રહેશે. ધાર્મિક સભાઓ | ના | |
| ૮ | દુકાનો, ખાનગી એકમો,વેપારી સંસ્થાઓ, ઈન્ડસ્ટ્રીઝ | હા | ફક્ત સવારના ૮ કલાકથી બપોરના ૪ કલાક સુધી ખુલ્લી રાખી શકાશે |



Scanned by CamScanner

| | | | |
|---|---|---|---|
| ૯ | સતત ઉત્પાદન કરતા એકમો/ ઈન્ડસ્ટ્રીઝ અને લોક-ઈન ની સુવિધા ધરાવતા એકમો/ ઈન્ડસ્ટ્રીઝ ચાલુ રાખી શકાશે | હા | પરંતુ કારીગર/ શ્રમિકોને અવર-જવર કરાવી શકાશે નહી. |
| ૧૦ | અંતિમ વિધિ, અંતિમ ક્રિયા માટે (મહત્તમ ૨૦ માણસો સાથે અનુમતિ રહેશે.)<br>લગ્ન માટે – મહત્તમ ૫૦ માણસો સાથે અનુમતિ રહેશે | હા | લગ્ન માટે સબંધિત મામલતદાર કચેરી માથી અનુમતિ લેવાની રહેશે. |
| ૧૧ | પાથરણા બજાર, ફેરીયા | ના | શાકભાજી નું વેચાણ કરતા ફેરીયા ને અનુમતિ રહેશે. |
| ૧૨ | પાન ના ગલ્લા, દુકાનો | હા | સોસ્યલ ડીસ્ટન્સીગનું ચૂસ્ત પાલન કરવાની શરતે |
| ૧૩ | વાળંદ, વાળ કાપવાની દુકાનો, સલૂન, બ્યુટી પાર્લર, | હા | સોસ્યલ ડીસ્ટન્સીગનું ચૂસ્ત પાલન કરવાની શરતે |
| ૧૪ | લાયબ્રેરી / પુસ્તકાલય | હા | ૬૦ % કેપેસીટી સાથે ચાલુ રહી શકશે. |
| ૧૫ | એસ.ટી. બસ સેવાઓ | હા | ફક્ત કન્ટેનમેંટ ઝોન સિવાય ના અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો માટે |
| ૧૬ | સીટી બસ સેવાઓ | ના | |
| ૧૭ | ખાનગી બસ સેવાઓ | ના | |
| ૧૮ | ઓટો રીક્શાઓ | હા | ફક્ત કન્ટેનમેંટ ઝોન સિવાય ના અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો માટે<br>(૧ ડ્રાઈવર + ૨ પેસેંજર ની મર્યાદામાં) |
| ૧૯ | કેબ, ટેક્સી, કેબ અગ્રીગેટર | હા | ફક્ત કન્ટેનમેંટ ઝોન સિવાય ના અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો માટે<br>(૧ ડ્રાઈવર + ૨ પેસેંજર ની મર્યાદામાં) |
| ૨૦ | રેસ્ટોરેંટ્સ, ખાણીપીણી ની દુકાનો | ના | ફક્ત હોમ ડીલીવરી કરી શકશે. |
| ૨૧ | ઢાબા | હા | ફક્ત કન્ટેનમેંટ ઝોન સિવાય ના અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો માં |
| ૨૨ | ખાનગી ઓફીસો | હા | ૩૩% સ્ટાફ સાથે કરી શકશે.<br>(અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તાર માં અનુમતિ નથી) |
| ૨૩ | ખાનગી મોટર કાર તથા ટુ વ્હિલર | હા | ટુ વ્હીલર માં ૧ વ્યક્તિ<br>ફોર વ્હીલરમાં ૧ (ડ્રાઈવર) + ૨ વ્યક્તિ |
| ૨૪ | તમામ પ્રકારની રીપેરીંગ દુકાનો, ગેરેજ, વર્કશોપ, સર્વિસ સ્ટેશન | હા | |

- અમદાવાદ જિલ્લામાં જાહેર કરેલ/ કરવામાં આવનાર કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં ફક્ત આવશ્યક ચીજ વસ્તુઓ સાથે સંકળાયેલ સેવાઓ સવારના ૮ કલાકથી બપોરના ૩ કલાક સુધી ચાલુ રાખી શકાશે.
- સાંજના ૭ વાગ્યાથી સવારના ૭ વાગ્યા સુધી બિનજરૂરી પ્રવૃત્તિઓ માટે વ્યકિતઓની અવર – જવર અને હેર-ફેર ઉપર સખ્ત રીતે પ્રતિબંધીત રહેશે અને આ સમયગાળા દરમિયાન રાત્રી કરફ્યુ રહેશે.
- કન્ટેઈનમેન્ટ વિસ્તાર સિવાયના વિસ્તારમાં તમામ આર્થિક પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકાશે. દુકાનો, ખાનગી એક્મો,વેપારી સંસ્થાઓ, ઈન્ડસ્ટ્રીઝ ફક્ત સવારના ૮ કલાકથી બપોરના ૪ કલાક સુધી ખુલ્લી રાખી શકાશે. સતત ઉત્પાદન કરતા



Scanned by CamScanner

એકમો/ ઈન્ડસ્ટ્રીઝ અને લોક-ઈન ની સુવિધા ધરાવતા એકમો/ ઈન્ડસ્ટ્રીઝ ચાલુ રાખી શકાશે પરંતુ કારીગર/ શ્રમિકોને અવર-જવર કરાવી શકાશે નહી.

- કન્ટેઈનમેન્ટ વિસ્તાર સિવાયના વિસ્તારમાં માર્કેટ/ કોમ્પલેક્ષ અને સમૂહમાં આવેલ દુકાનો કે જેનો મિલકત/ પ્રોપર્ટી નંબર એકી સંખ્યામાં હોય તે માસની એકી સંખ્યામાં આવતી તારીખે અને જેનો મિલકત/ પ્રોપર્ટી નંબર બેકી સંખ્યામાં હોય તે માસની બેકી સંખ્યામાં આવતી તારીખે ચાલુ રાખી શકાશે.
- એકી અને બેકી મિલકતોના નંબર જે તે સ્થાનિક સંસ્થાઓ એટલે કે શહેરી વિસ્તારમાં નગર પાલિકા અને ગ્રામ્ય વિસ્તાર માટે ગ્રામ પંચાયત ધ્વારા આપવામાં આવેલ મિલકત નંબર માન્ય રહેશે.
- એકી અને બેકી પધ્ધતિના સુચારૂ રીતે અમલીકરણ શહેરી વિસ્તારમાં ચીફ ઓફિસરશ્રીએ તથા ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારીશ્રીએ કરવાનું રહેશે.
- એકલ અને રહેંણાંક વિસ્તારમાં આવેલ નાકાની દુકાનો તમામ દિવસ માટે ચાલુ રાખી શકાશે.
- કોઇ પણ દુકાનમાં એક જ સમયે ૫ થી વધુ વ્યક્તિઓ હાજર રહી શકશે નહી.
- કામદારો/ કર્મચારીઓ/ દુકાન માલિકો કે જેનું મકાન કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં આવેલ હોય તેઓ કન્ટેઈનમેન્ટ વિસ્તાર બહાર નિકળી શકશે નહી.
- તમામ જાહેર સ્થળોએ મોઢું ઢંકાય તેમ માસ્ક / કાપડ પહેરવું ફરજીયાત છે આ જોગવાઇનો ભંગ કરનાર પાસેથી સ્થાનિક સંસ્થા તથા પોલીસ હેડ કોંસ્ટેબલ અને તેનાથી ઉપરના અધિકારી દ્વારા રૂ.૨૦૦ દંડ તેની પાસેથી વસુલ કરવાનો રહેશે.
- જાહેર સ્થળોએ થૂંકવા પર પ્રતિબંધ છે, તેમ છતા કોઈ વ્યક્તિ જાહેરમાં થુંકતો જણાશે તો તે બદલની સ્થાનિક સંસ્થા તથા પોલીસ હેડ કોંસ્ટેબલ અને તેનાથી ઉપરના અધિકારી દ્વારા રૂ.૨૦૦ દંડ તેની પાસેથી વસુલ કરવાનો રહેશે.
- માલવાહક સામાન ની રાજ્યમાં તથા આંતરરાજ્ય અવર – જવર, ખાલી ટ્રક સહિત ચાલુ રહી શકશે.

<u>પ્રજાજનોની સુખાકારી અને સલામતીના ઉપાય</u>

- ૬૫ વર્ષથી વધુ વયની વ્યક્તિઓ, અન્ય રોગ ધરાવતા (co-morbidities), સગર્ભા સ્ત્રીઓ, તથા ૧૦ વર્ષથી નાના બાળકોએ ઘરમાં જ રહેવું જોઇશે, સિવાય કે રાષ્ટ્રીય નિર્દેશો અનુસાર આવશ્યક જરૂરીયાતની પૂર્તિના હેતુ માટે, તેમજ સ્વાસ્થ્ય વિષયક હેતુઓ માટે જરૂરી હોય.
- તમામ કામના સ્થળોએ કામ કરતા તમામ વ્યક્તિઓએ " આરોગ્ય સેતુ એપ " ફરજીયાત ડાઉનલોડ કરવાની રહેશે.

<u>પેરા – ૧૦ :-</u> કેંદ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ નીચે મુજબના Standard Operating Protocols (SOPs) અત્રેના જાહેરનામાને સુસંગત હોય ત્યાં સુધી અમલી રહેશે.

- SOP on transit arrangement for foreign national(s) in India and release of quarantine persons, issued vide order dated April 02, 2020.
- SOP on movement of stranded labour within States / UTs issued vide order dated April 19, 2020.
- SOP on sign-on and sign off of Indian seafarers, issued vide order dated April 21, 2020.
- SOP on movement of stranded migrant workers, pilgrims, tourists, students and other persons by train, issued vide order dated 01/05/2020



Scanned by CamScanner

- SOP on movement of Indian national(s) stranded outside the country and of specified persone to travel abroad, issued vide order dated May 05, 2020.
- SOP on movement of persones by train issed vide order dated May 11/ 2020.

## ખાસ નોંધ

અર્થઘટન બાબતે વિસંગતતા જણાય તો આમુખ – ૧ માં ઉલ્લેખેલ કેન્દ્રિય ગુહ મંત્રાલય ના તા. ૧૭/૦૫/૨૦૨૦ ના મૂળ હુકમ તેમજ રાજ્ય સરકારના તા. ૧૮/૦૫/૨૦૨૦ ના જાહેરનામા મુજબ અર્થઘટન આખરી ગણાશે. કન્ટેનમેન્ટ વિસ્તારો એટલે આમુખ – ૫ માં રાજ્ય સરકારના પરિપત્રમાં સમાવિષ્ટ કરેલ અમદાવાદ જિલ્લાના કન્ટેનમેન્ટ વિસ્તારો તથા આ સબંધે સરકારના સબંધિત વિભાગ દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવે તે મુજબ ના વિસ્તાર.

## –:શરતો :–

(૧) સદરહુ જાહેરનામાંમા દર્શાવેલ તેમજ રાજય સરકાર / ભારત સરકારશ્રી ધ્વારા બહાર પાડવામા આવનાર તમામ પ્રકારની માર્ગદર્શિકા તથા તમામ શરતોનુ પાલન કરવાની જવાબદારી જે તે એકમ / સંસ્થાના માલિકની રહેશે.

(૨) કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં જ ઉકત છુટછાટો લાગુ પડશે.

(૩) કોવિડ –૧૯ની પરિસ્થિતિ સંદર્ભે કેન્દ્ર સરકાર ,રાજયં સરકાર , જિલ્લા કલેકટરશ્રી , પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર , કમિશ્નરશ્રી અમદાવાદ મહાનગરપાલિકા , પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્ય તેમજ અન્ય સંલગ્ન સરકારશ્રીના સક્ષમ અધિકારી / સંબંધિત વિભાગ ધ્વારા જે કોઈ માર્ગદર્શિકા કે સુચનાઓ બહાર પાડવામા આવે તે તમામ માર્ગદર્શિકા / શરતો / સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૪) કન્ટેનમેન્ટ જાહેર થયેલા કોઈપણ વિસ્તારનો કર્મચારી–શ્રમિક–અધિકારી કામ પર ન આવે તેની જવાબદારી જેતે એકમ / સંસ્થાની રહેશે. તથા આ વિસ્તારમાંથી કોઈ પણ પ્રકારનુ પરિવહન કરી શકાશે નહી.

(૫) ભવિષ્યમાં નવો કોઈ વિસ્તાર કન્ટેનમેન્ટ એરીયા તરીકે જાહેર થશે તો તે વિસ્તાર માટે આ છુટછાટો તાત્કાલિક અસરથી નાબુદ થયેલી ગણાશે.

## COVID-19 ના વ્યવસ્થાપન માટેની રાષ્ટ્રીય માર્ગદર્શિકા

૧. તમામ જાહેર સ્થળોએ મોઢું ઢંકાય તેમ કાપડ પહેરવું ફરજીયાત છે.

૨. જાહેર સ્થળોએ થૂંકવા બદલ રાજ્યની સ્થાનિક સત્તા દ્વારા નક્કી કરવામાં આવેલ દંડ ફટ્કારી શકાશે.

૩. જાહેર સ્થળો તેમજ પરીવહનના સંચાલકોએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનની માર્ગદર્શિકાઓ અનુસાર સામાજિક અંતરનું પાલન કરાવવાનું રહેશે.

૪. લગ્ન પ્રંસગોએ થતા સમારંભોમાં સામાજિક અંતરનું ચૂસ્ત પણે પાલન કરવાનું રહેશે. તથા મહેમાનોની સંખ્યા ૫૦ થી વધવી જોઇએ નહિ.

૫. અંતિમ સંસ્કાર / અંતિમ ક્રિયા ને લગતા કાર્યક્રમમાં પણ સામાજિક અંતરનું પાલન કરવાનું રહેશે. તથા ૨૦ થી વધુ વ્યક્તિઓની અનુમતિ રહેશે નહિ.

૬. જાહેર સ્થળોએ શરાબ, પાન, ગુટકા, તમાકુ વિ. ના ઉપયોગ પ્રતિબંધિત છે.



Scanned by CamScanner

૭. દુકાનોમાં ગ્રાહકો વચ્ચે ઓછા માં ઓછી ૬ ફૂટ નું અંતર ( ૨ *ગજ કી દૂરી*) જળવાય તથા કોઇપણ સમયે એક સાથે ૫ થી વધુ વ્યક્તિ ભેગા ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

<u>કામકાજના સ્થળો માટે વધારાના નિર્દેશો:-</u>

૮. શક્ય હોય ત્યાં સુધી ઘરે થી કામ કરવાની પ્રથા અપનાવવી જોઇએ.

૯. ઓફીસો, કામકાજના સ્થળોએ, દુકાનો માં, બજારોમાં સ્ટેગરીંગ અપનાવવું જોઇએ.

૧૦. કામકાજના સ્થળોએ દરેક સંચાલક / જવાબદાર વ્યક્તિઓએ આરોગ્ય અને પરિવારા કલ્યાણમંત્રાલય દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શિકાઓ પ્રમાણે સામાજિક અંતર નું પાલન કામકાજ ની જગ્યાની અંદર તેમજ કંપની પરીવહન માં પણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૧૧.કામકાજના સ્થળો પર બે પાળી વચ્ચે પૂરતો સમય આપી ને, તેમજ જમવાના સમય વચ્ચે સમયાંતર જાળવી ને સામાજિક અંતર જળવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૧૨. તાપમાન ચકાસણી, હાથ ધોવા, તથા બની શકે તો સ્પર્શ રહીત સેનેટાઈઝર ની વ્યવસ્થા દરેક પ્રવેશ તથા નિકાસ ના સ્થળે તેમજ સામાન્ય સ્થળોએ ઉપલબ્ધ કરાવવાની રહેશે. કામકાજના સ્થળોએ સેનેટાઈઝર તથા હાથ ધોવાના સાબુ નો પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવાનો રહેશે.

૧૩. સમગ્ર કાર્યક્ષેત્રને વારંવાર સફાઇ કરવાની રહેશે, તેમજ સામાન્ય સુવિધાના સ્થળો તથા બધી જ એવી જગ્યાઓ જે માનવ સંપર્ક માં આવતી હોય, દા.ત. દરવાજા ના હેંડલ, વિ. ની દરેક શીફ્ટ બાદ સફાઇ કરવાની રહેશે.

૧૪. સ્વચ્છતા જાળવવા માટેની તાલીમ અને માહિતી આપવી જરૂરી છે.

<u>**—:: વિસ્તાર::—**</u>

<u>પોલીસ કમીશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયનો તેમજ કન્ટેનમેન્ટ ઝોન સિવાયનો જિલ્લાનો ગ્રામ્ય વિસ્તાર</u>

<u>**—:: અમલવારી નો સમય ::—**</u>

**આ જાહેરનામુ તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી અમલમાં રહેશે.**

<u>**—:: અમલવારીની જવાબદારી ::—**</u>

સદર જાહેરનામાંમા ઉલ્લેખેલ તમામ બાબતો / માર્ગદશિકા / શરતોનુ પાલન કરવાની જવાબદારી જે તે એકમ / સંસ્થાના માલિક / સંચાલક / જવાબદાર ઈસમની તેમજ કંપની , પેઢી –ભાગીદારી પેઢી વિગેરેના કિસ્સામા સંબંધિત કાયદાથી નકકી થયેલ ઈસમ/ ઈસમોની રહેશે.



Scanned by CamScanner

**–:: અપવાદ ::–**

આ હુકમ સરકારી ફરજ ઉપરના અથવા રોજગારીમાં હોય તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ જીવન જરૂરીયાતની આવશ્યક ચીજ વસ્તુઓના ધંધા/વ્યવસાયમાં સંકળાયેલા લોકોને તેમજ સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવનારને લાગુ પડશે નહી.

**::–લોકડાઉનના પગલાનો ભંગ કરવા માટેના ગુના અને તે માટેની શિક્ષાઃ–**

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૯૧ની જોગવાઈઓ વંચાણે લેતા આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કોઈપણ ઈસમ / વ્યકિત / ઈસમો નીચે જણાવેલ કાનુની જોગવાઈઓ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

**(૧) આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૫૧ થી ૬૦**

**૫૧. અવરોધ વગેરે કરવા માટે શિક્ષા ::–**

(ક) આ અધિનિયમ હેઠળના પોતાના કાર્ય બજાવતા કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારના કોઈપણ અધિકારી અથવા કર્મચારીને અથવા રાષ્ટ્રીય સત્તામંડળ અથવા રાજય સત્તામંડળે અધિકૃત કરેલી કોઈપણ વ્યકિતને અવરોધે અથવા

(ખ) આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર અથવા રાષ્ટ્રીય કારોબારી સમિતિ અથવા રાજય કારોબારી સમિતિ અથવા જિલ્લા સત્તામંડળ ધ્વારા અથવા તેમના વતી આપવામા આવેલા કોઈપણ અદેશનુ પાલન કરવાનો ઈનકાર કરે,

તે દોષિત ઠર્યેથી એક વર્ષની મુદત સુધી કેદની અથવા દંડ અથવા બંને શિક્ષાને પાત્ર થશે અને આવો અવરોધ અથવા આદેશોનુ પાલન કરવાન ઈનકાર માનવ જિંદગીની ખુવારી અથવા તેના તોળાઈ રહેલા ખતરામાં પરિણમે ત્યારે તે દોષિત ઠર્યેથી બે વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે.

**૫૨. ખોટો દાવો કરવા માટે શિક્ષા::–**

જે કોઈપણ વ્યકિત કેન્દ્ર સરકાર , રાજય સરકાર , રાષ્ટ્રીય સત્તામંડળ અથવા જિલ્લા સત્તામંડળના કોઈપણ અધિકારી પાસેથી રાહત ,સહાય, મરામત , પુનઃનિર્માણ , અથવા આપત્તિ સંબંધી બીજા કોઈપણ લાભ મેળવવા માટે જાણીબુઝીને દાવો કરે , જે ખોટો છે તેવુ તે જજાપતો હોય થવા તેમ માનવાને કારણ મોહોય ,તોતે દોષિત ઠર્યે તેને બે વર્ષ સુધીની કચેદની શિક્ષાને પાત્ર થશે અને દંડની શિક્ષાને પણ પાત્ર થશે.

**૫૩. નાણાં અથવા સામગ્રી વેરેની ઉચાપત માટે શિક્ષા.**

જે કોઈપણ વ્યકિત ભયજનક આપતિની પરિસ્થિતિ અથવા આપત્તિમાં રાહત પુરી પાડવા માટે સુચિત કરેલ કોઈપણ નાણાં અથવા સામગ્રી કોઈને પણ સોંપવામા આવી હોય અથવા અન્યથા કોઈપણ નાણાં અથવા સામગ્રી તેના કબજા અથવા તેના તાબા હેઠળ હોય , તેની તેણે પોતાના ઉપયોગ માટે ઉચાપત કરી હોય અથવા વિનિયોગ કર્યો હોય અથવા આવ નાણાં અથવા સામગ્રી અથવા તેના કોઈપણ ભાગનો નિકાલ કર્યો હોય અથવા આવુ કરવા માટે કોઈપણ વ્યકિતને જાણી બુઝીને ફરજ પાડી હોય, તો દોષિત ઠર્યેથી તે બે વર્ષ સુધીની કેદની શિક્ષાને અથવા દંડને પાત્ર થશે.

**૫૪. ખોટી ચેતવણી માટે શિક્ષા–**

જે કોઈપણ વ્યકિત , (લોકોમાં) ગભરાટ ફેલાય તેવી , આપત્તિ અથવા તેની ભયાનકતા અથવા વ્યાપની બાબતમાં ખોટી ભય– ચેતવણી અથવા ચેતવણી ઉભી કરે અથવા ફેલાવે , તો તે દષિત ઠર્યેથી બે વર્ષ સુધી કેદની શિક્ષાને અથવા દંડને પણ પાત્ર થશે.

**૫૫. સરકારી વિભાગોએ કરેલા ગુનાઃ–**

(૧) આ અધિનિયમ હેઠળનો ગુનો સરકારના કોઈ વિભાગે કર્યો હોય , ત્યારે વિભાગના વડા , ગુના બદલ દોષિત હોવાનુ ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે , સિવાય કે તઓ એમ સાબિત કરે કે ગુનો તેમની જાણ બહાર થયો હતો અથવા એવો ગુનો થતો અટકાવવા માટે તેમણે તમામ ધટતી કાળજી રાખી હતી.



Scanned by CamScanner

(૨) પેટા કલમ ૧ માં ગમે તે મજકુર હોય તેમ છતા આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો સરકારના કોઈ વિભાગે કર્યોહોય અને તે એમ પુરવાર કરે કે અવો ગુનો વિભાગના વડા સિવાયના કોઈ અધિકારીની સંમતિથી અથવા તેની મુક સંમતિથી કરવામ ા આવ્યો છે. અથવા તેમના પક્ષે થયયેલી કોઈ બેદરકારીને કારણે થયો છે , ત્યારે તેવો અધિકારી પણ તે ગુના માટે દોષિત હોવાનુ ગણાશે અને તેની સામે કાર્યવાહી ચલાવવાને પાત્ર ગણાશે અને તદનુસાર શિક્ષાને પાત્ર થશે.

**૫૬. અધિકારીની ફરજમાં નિષ્ફળતા અથવા આ અધિનિયમની જોગવાઈઓના ઉલ્લંઘનમા**

**તેમની મુકસંમતિ –**

કોઈપણ અધિકારીએ , તેના ઉપલા સરકારી અધિકારીની સ્પષ્ટ લેખિત પરવાનગી મેળવી હોય તે સિવાય અથવા આવુ કરવા માટે બીજુ કાયદેસરનુ બહાનુ ન હોય તો જેની પર આ અધિનિયમથી અથવા તે હેઠળ કોઈપણ ફરજ લાદવામા આવી હોય અને જે અમલ કરવાનુ બંધ કરે અથવા ઈનકાર કરે અથવા પોતાની હોદાની ફરજો બજાવવામાંથી પોતાની જાતને દુર કરે , તોતે એક વર્ષની શિક્ષાને પાત્ર થશે અથવા દંડને પાત્ર થશે.

**૫૭. અધિગ્રહણ સંબંધી કોઈપણ હુકમના ઉલ્લંઘન બદલ શિક્ષા:–**

કોઈપણ વ્યકિત , કલમ ૬૫ હેઠળ કરેલા કોઈપણ હુકમનુ ઉલ્લંઘન કરે તો તે એક વર્ષ સુધીની કેદની શિક્ષા થવાને અથવા દંડ અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

૫૮. કંપનીઓએ કરેલ ગુના:-

(૧) આ અધિનિયમ હેઠળનો ગુનો કોઈ કંપનીએ અથવા સંસ્થાપિત મંડળે કર્યો કંહોય, ત્યારે જે સમયે ગુનો કરવામાં આવ્યો હોય તે સમયે, જે વ્યક્તિ કંપનીના કામકાજનું સંચાલન કરવા માટે કંપનીનો હવાલો ધરાવતી હોય અને કંપનીને જવાબદાર હોય તે વ્યક્તિ તેમજ કંપની તે ગુનો માટે દોષિત ગણાશે અને તેની સમે કાર્યવાહી કરવાને પાત્ર ગણાશે અને તેને તદનુસાર શિક્ષા કરવામાં આવશે પરંતુ આવી કોઈ વ્યક્તિ, જો એમ પુરવાર કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા એવો ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ યોગ્ય કાળજી લીધી હતી, તો તે, આ પેટ-કલમમાંના કોઈ મજકૂરથી, આ અધિનિયમમાં જોગવાઈ કરેલી કોઈ શિક્ષાને પાત્ર ગણાશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કોઈ કંપનીએ કર્યો હોય તે ગુનો તે કંપનીના કોઈ ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા અન્ય અધિકારીની સંમતિથી અથવા તેની મુકસંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી બેદરકારીને કારણે થયો છે એમ સાબિત થાય, ત્યારે તેવા ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી તે ગુના માટે દોષિત હોવાનું ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદનુસાર તેને શિક્ષા કરી શકાશે.

સ્પષ્ટીકરણ:- આ કલમના હેતુ માટે-

(ક) "કંપની" એટલે કોઈ સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી અથવા વ્યકિતઓના બીજા એસોસિએશનનો સમાવેશ થાય છે; અને

(ખ) પેઢીના સંબંધમાં "ડિરેક્ટર" એટલે પેઢીનો ભાગીદાર.

૫૯. ફોજદારી કામ ચલાવવા માટે પૂર્વ-મંજુરી:-

ક્લમો ૫૫ અને ૫૬ હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, આવી સરકારે સામન્ય અથવા ખાસ હુકમથી, આ અર્થે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીની પૂર્વમંજુરી સિવાય, ફોજદારી કામ ચલાવી શકાશે નહિ.

૬૦. ગુનાની ન્યાયિક નોંધ લેવા બાબત:-

કોઈપણ કોર્ટ, આ અધિનિયમ હેઠળ



Scanned by CamScanner

(ક) રાષ્ટ્રીય સત્તામંડળ, રાજ્ય સત્તામંડળ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, જિલ્લા સત્તામંડળ અથવા કોઈપણ બીજા સત્તામંડળ અથવા યથાપ્રસંગ, તે સરકારે અથવા સત્તામંડળે આ અર્થે અધિકૃત કરેલા અધિકારી; અથવા

(ખ) કહેવાતા ગુના માટે, ઠરાવેલી રીતે ઓછામાં ઓછા ત્રીસ દિવસની મુદત માટેની અને રાષ્ટ્રીય સત્તામંડળ, રાજ્ય સત્તામંડળ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, જિલ્લા સત્તામંડળ અથવા બીજા કોઈપણ સત્તામંડળ અથવા ઉપર્યુક્ત પ્રમાણે ઉપર અધિકૃત કરેલા અધિકારીને ફરિયાદ કરવાના પોતાના ઈરાદાની નોટિસ આપી હોય તેવી વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ સિવાય, ગુનાની ન્યાયિક નોંધ લઈ શકશે નહિ.

ખ. **ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮: રાજ્ય સેવક દ્વારા યોગ્ય રીતે બહાર પાડવામાં આવેલા હુકમનો અનાદર કરવા બાબતે:-** જે કોઈ વ્યકિત એમ જાણતો હોય કે કોઈ હુકમ બહાર પાડવાની કાયદેસર સત્તા ધરાવતી વ્યક્તિ દ્વારા બહાર પાડેવામાં આવેલા આવા હુકમથી, તેમને અમુક કૃત્યો કરવાથી દૂર રહેવાનો અથવા પોતાના કબજામાંની અથવા પોતાના સંચાલન હેઠળની અમુક મિલકત સંબંધી હુકમ કરવાનો આદેશ આપવામાં આવ્યો હોય, તે , આવા આદેશોનો અનાદર કરે અને આવા અનાદરથી કાયદેસર રીતે નિમાયેલી કોઈ વ્યક્તિને અવરોધ ઊભો થાય, હેરાનગતિ થાય અથવા ઈજા પહોંચે અથવા અવરોધ ઊભો કર્વાનું હેરાનગતિ કરવાનું અથવા ઈજા પહોચાડવાનું કારણ બને, તેને એક મહિનાની મુદત સુધીની સાદી કેદની અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે અને આવા અનાદરથી માનવ જીવન, આરોગ્ય અથવા માનવીની સુરક્ષા માટે જોખમ ઊભું થાય અથવા જોખમ ઊભું થવાનું કારણ ઉત્પન્ન થાય અથવા હુલ્લડ અથવા મારામારી થાય અથવા તેમ થવાનું કારણ બને, તેને, છ મહિનાની મુદત સુધીની કોએઍપણ પ્રકારની જેલ અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

સ્પષ્ટીકરણ:- એ બાબત જરૂરી નથી કે ગુનેગાર ઈજા પહોંચાડવાનો ઈરાદો ધરાવતો હોય અથવા ઈજા પહોંચાડવાની સંભાવના હોય તે રીતે અનાદર કરવાનો ઈરાદો ધરાવતો હોય. તે બાબત પૂરતી છે કે પોતે જે હુકમનો અનાદર કરતો હોય તે હુકમ અંગે તે જાણતો હોય અને તેના અનાદરથી ઈજા પહોંચે અથવા ઈજા પહોંચાડવાની સંભાવના હોય.

ઉદાહરણ:- કોઈ હુકમ બહાર પાડવાની કાયદેસરની સત્તા ધરાવતા રાજ્ય સેવક, અમુક શેરીમાંથી ધાર્મિક સરઘસ કાઢવું નહિ તેવો આદેશ આપતો હુકમ બહાર પાડે છે. વ્યક્તિ જાણીબૂઝીને આ હુકમનો અનાદર કરે છે અને તેમ કરીને હુલ્લડનો ભય ઊભો કરે છે. વ્યક્તિએ, આ કલમમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો ગુનો કર્યો છે.

**અમદાવાદ ગ્રામ્ય મહેસુલી વિસ્તારમાં ફરજ પરના હાજર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ હેડ કોન્સટેબલ અને તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમો વિરૂધ્ધ કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ એકટ કલમ ૧૩૧ મુજબ લેખિત ફરીયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવે છે.**

**આ હુકમની બજવણી કરવી વ્યક્તિગત રીતે શક્ય ન હોય એકતરફી હુકમ કરવામાં આવે છે તથા આ હુકમની જાહેરાત વર્તમાન પત્રોમાં , અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો ટેલીવીઝન, કેબલ ટીવી નેટવર્ક તથા લોકો એકત્રિત થતા હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને તથા રાજ્ય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.**

**આજ તારીખ ૧૯ /૦૫/૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી હુકમ બહાર પાડયો.**

(ADDITIONAL DISTRICT MAGISTRATE AHMEDABAD seal)

**(હર્ષદ વોરા)**
**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ**
**અમદાવાદ**



Scanned by CamScanner

**<u>નકલ રવાનાઃ</u>**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ

ર/- સદરહુ જાહેરનામાની નકલો તમામ પોલીસ સ્ટેશને પહોંચાડવા તથા અમલ કરાવવા સારૂં.

(ર) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, સીટી પૂર્વ પ્રાંત/સીટી પશ્ચિમ પ્રાંત/દસ્ક્રોઇ/સાણંદ/વિરમગામ/ ધોળકા/ ધંધુકા, જિ. અમદાવાદ

(૩) વિભાગીય પોલીસ અધિકારીશ્રી, ધોળકા, વિરમગામ, સરખેજ.

(૪) એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, અમદાવાદ અસારવા સીટી પૂર્વ/ મણીનગર સીટી પૂર્વ/ વટવા સીટી પૂર્વ/ ઘાટલોડીયા સીટી પશ્ચિમ/ સાબરમતી સીટી પશ્ચિમ/ વેજલપુર સીટી પશ્ચિમ/ દસ્ક્રોઇ/ધોળકા/ વિરમગામ/ સાણંદ/માંડલ/ દેત્રોજ/ ધંધુકા/બાવળા/ધોલેરા.

**<u>નકલ સાદર રવાના જાણ સારુઃ-</u>**

(૧) સચિવશ્રી, ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગર

(ર) સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદ

(૪) રજિસ્ટ્રારશ્રી, અમદાવાદ ડીસ્ટ્રીકટ કોર્ટ, ન્યાય મંદિર, મિરઝાપુર, અમદાવાદ

(૫) રજિસ્ટ્રારશ્રી, સીટી સીવીલ કોર્ટ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ

(૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, લાલ દરવાજા, અમદાવાદ.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ મહાનગરપાલીકા, દાણાપીઠ, અમદાવાદ

**<u>નકલ રવાના જાણ સારૂઃ-</u>**

(૧) સરકારી વકીલશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર, અમદાવાદ

(ર) સરકારી વકીલશ્રી, સીટી સીવીલ કોર્ટ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ

**<u>નકલ રવાનાઃ</u>**

(૧) સંયુક્ત માહિતી નિયામકશ્રી, પોલીટેકનીક કોલેજ કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ

ર/- સદરહુ હુકમની બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિકોમાં વિનામુલ્યે પ્રસિધ્ધ કરાવવા સારૂં.

(ર) મેનેજરશ્રી, સરકારી પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા તરફ

ર/- સદરહુ હુકમ ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૧૫ નકલો મોકલી આપવા સારું.

ADDITIONAL DISTRICT MAGISTRATE AHMEDABAD



Scanned by CamScanner